ગાંધીનગર સમાચાર

તા. ૮-૯-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### મહિલા મુખ્યમંત્રી માટે પ્રતિષ્ઠાની પેટાચૂંટણી

આગામી દિવસોમાં યોજાનાર વડોદરા લોકસભાની એક બેઠક અને નવ વિધાનસભાઓની પેટા ચૂંટણી વર્તમાન મહિલા મુખ્યમંત્રી માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહ્યો છે. આનંદીબહેન પટેલ આ તમામ બેઠકો ભાજપને પ્રાપ્ત થાય એ માટે રાતદિવસ એક કરી રહ્યાં છે. સામાન્ય રીતે પેટાચૂંટણીમાં મતદારોને ઝાઝો રસ હોતો નથી. એથી સામાન્ય ચૂંટણીઓ જેવો ટેમ્પો પણ નથી જામતો તેમ એવું રેકોર્ડબ્રેક મતદાન પણ નથી થતું. વળી મતદાતામાં એટલી કોમનસેન્સ તો હોય છે જ કે નીચે-ઉપર બેઉ સરકારો ભારતીય જનતા પાર્ટીની હોય ત્યારે વિરોધ પક્ષની સાથે બેસી સત્તાધારીઓની આંખે ચડવામાં સાર નથી. આમ, કોંગ્રેસના કાર્યકરો સુધ્ધાં આ ચૂંટણીઓમાં સાવ જ નિષ્ક્રિય રહે એવી સંભાવના નકારી શકાતી નથી. મૂળભૂત રીતે આ તમામ બેઠકો ભારતીય જનતા પાર્ટીએ મેળવેલી છે, એટલે બહુ બહુ તો એમાં જીતની માર્જિનનો ફરક પડે. જો કે એકાદ-બે બેઠકો પર કોંગ્રેસ જીતી જાય તો એના માટે તો એ નફાનો સોદો જ લેખાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના બાર વર્ષ જેટલા શાસનકાળમાં ભાજપની ઇમારતના પાયા ઘણાં મજબૂત બનાવી દીધાં છે. ગુજરાતમાં ભાજપનાં મૂળઇયાં ઊંડા હોવાની શ્રીમતી આનંદીબહેન પટેલની રજૂઆતમાં તથ્ય છે. કોંગ્રેસનો ગુજરાત પૂરતો સફાયો થઇ ગયો છે અને એની નેતાગીરીએ લોકસભામાં સજ્જડ માર તથા હાર ખાધા પછી ખાસ કોઇ સક્રિયતા પણ દાખવી નથી. કોંગ્રેસના કેન્દ્રીય હાઇ કમાંડને પણ પાર્ટીને આ ઐતિહાસિક નામોશીમાંથી કેવી રીતે બહાર લાવવી તે સૂઝતું નથી. કહ્યાગરા એન્ટની દ્વારા સોનિયા-રાહુલ કોંગ્રેસની કારમી હાર બદલ જવાબદાર નહીં હોવાનું પ્રમાણપત્ર મેળવી લેવાથી પ્રશ્ન પતી જતો નથી. પાર્ટીમાં છેક બૂથ લેવલથી રાષ્ટ્રીય સ્તર સુધી નવું જોમ ભરવાની જરૂર છે, જે માટે પાર્ટીની નેતાગીરી અંધારામાં બાથોડિયાં ભરી રહી છે. બીજી તરફ ભાજપમાં દિલ્હીના દિગ્વિજય પછી પ્રમાદનું વાતાવરણ છે. બધા નરેન્દ્ર મોદીના જાદુ પર આધાર રાખતા થઇ ગયા છે પરંતુ મોદી અને એમના વફાદાર રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એ મુદ્દે વાકેફ છે કે મોજું સમય જતાં ધીમું પડ્યું હોય છે. ગુજરાત પૂરતો કદાચ એટલા કારણસર વાંધો ન આવે કે સહીં કોંગ્રેસ મેદાન ગુમાવી ચુકી છે અને લોકસભાની ચૂંટણી પછી લગભગ મૂર્છિત અવસ્થા છે. છતાં આનંદીબહેન કોઇ જોખમ ઉઠાવવા માગતાં નથી. ઉત્તરાખંડ સહિતની પેટાચૂંટણીઓમાં ભાજપના ગઢ ધરાશાયી થયા છે અને બિહારમાં જૂના જોગીઓનું સંગઠન રચાતાં ભાજપને શિકસ્ત સાંપડી છે, એ બાબત એમને ચિંતાપ્રેરક લાગતી હોય તે બનવાજોગ છે. મુખ્યમંત્રીપદે રહ્યાં ત્યાં સુધી નરેન્દ્ર મોદીએ ક્યારેય પેટાચૂંટણીઓમાં ભાજપને શિકસ્ત સાંપડી છે, એ બાબત એમને ચિંતાપ્રેરક લાગતી હોય તે બનવાજોગ છે. મુખ્યમંત્રીપદે રહ્યાં ત્યાં સુધી નરેન્દ્ર મોદીએ ક્યારેય પેટાચૂંટણીમાં પ્રચારકાર્ય કર્યું નહોતું. પરંતુ આનંદીબેન વર્તમાન સંગઠનની તેમજ ખુદ એમના મંત્રીમંડળની મર્યાદાઓ સમજે છે. તેથી એમને ખોટી મોટાઇ રાખ્યા વગર પેટા ચૂંટણીના પ્રચારની કમાન જાતે સંભાળી લીધી છે. આગામી ૧૭ સપ્ટેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંસઠમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે મહિલા મુખ્યમંત્રી એમને તમામ બેઠકો જીતી લઇ ભેટ ધરવા ઉત્સુક છે. ઉમેદવારો કરતાં આ પેટાચૂંટણી જીતવી એ પાર્ટી અને મુખ્યમંત્રી માટે સવિશેષ મહત્ત્વની બાબત બની રહી છે. બેસ્ટ ઓફ લક મેડમ ચીફ મિનિસ્ટર!

## સાદરા વિદ્યાપીઠ દ્વારા મેજર ધ્યાનચંદની જન્મ જયંતિની ઉજવણી : વિવિધ સ્પર્ધાઓ યોજી કરાઈ



ગાંધીનગર, તા.૭

સાદરા ગુજરાત વિદ્યાપીઠ રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા હોકીના જાદુગર મેજર ધ્યાન ચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય ખેલ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

તાલુકાના સાદરા વિદ્યાપીઠ રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રાષ્ટ્રીય ખેલ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૯ ઓગષ્ટથી ૪ સપ્ટેમ્બર દરમિયાન એકમ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં સાદરા સરસ્વતી પ્રાથમિક શાળા અને મોતીપુરા આદર્શ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

કમ્પ્યુટર રમતોના આક્રમણથી નાશવંત પામેલી રમતો રમાડવામાં આવી હતી. થોડાક સમય પહેલા જે રમતો રમવા માટે બાળકો પડાપડી કરતા હતા તેવી સિક્કા શોધ, ત્રિપગી દોડ, લંગડી દોડ, કોથળા દોડ, બુક બેલેન્સીંગ, બોલ ઈન ડોલ અને લીંબુ ચમચી જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ બાળકો મેજર ધ્યાનચંદના જીવનને જાણે અને તેમણે દેશને આપેલ યોગદાનથી પરિચિત થાય તેમજ બાળકોમાં રહેલી શકિતઓ બહાર આવે તે માટે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સ્પર્ધાઓનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ, ડૉ. ઉદાજી પરમાર તેમજ મોતીપુરા અને સાદરા પ્રાથમિક શાળાના આચાર્યએ સહયોગ આપ્યો હતો.



ગોઝારિયા આદર્શ પ્રાથમિક શાળાના ધોરણ-૪ ના વિદ્યાર્થીઓને ગોઝારિયામાં આવેલ ડૉ. ગુપ્તા ક્લિનીકની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટર દ્વારા બાળકને દાંતનાં રોગો વિશે સમજણ આપવામાં આવી હતી. ડૉક્ટરે વિદ્યાર્થીઓને દાંતને મજબૂત બનાવવા શુ કરવુ, અને તેની માવજત કેવી રીતે કરવી સહિતની માહિતી પુરી પાડવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને મેડિકલના સાધનોની માહિતી આપી જાગૃત કરવામાં આવ્યા હતા.

## ગાંધીનગર હાઈસ્કુલ કોબામાં જ્ઞાન સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા.૭

શ્રી જી.ડી.એમ. તથા શ્રી એચ.એન.જે. કોબાવાળા ગાંધીનગર હાઈસ્કૂલમાં તા. ૧ સપ્ટેમ્બરથી જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સુલેખન શાળા-સફાઈ, વકતૃત્વ, દેશભકિત ગીતોનું ગાન, પ્રાર્થના, કાવ્યગાન શિક્ષકદિનની ઉજવણી ચિત્ર સ્પર્ધા, વર્ગ સુશોભન, વાલી મિટીંગ મહાનુભાવોના જીવન ચરિત્રનું વાંચન જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ સ્ટાફ તથા વાલીઓએ ઉજવણીમાં ભાગ લીધો હતો. કન્વીનર શ્રીમતી એમ.કે. પટેલ, શ્રીમતી એચ.એમ. પટેલે સંચાલન કર્યું હતું. લાયબ્રેરીયન એ.એસ. દિવેકરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



શ્રી જે.એસ. પટેલ વિદ્યામંદિર, રાંધેજા ખાતે ગુજરાત સરકાર આયોજિત પહેલી સપ્ટેમ્બરથી પાંચમી સપ્ટેમ્બર સુધી જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા સફાઈ ઝુંબેશ, વકતૃત્વ સ્પર્ધા, સમુહ વાંચન, કાવ્યપઠન, દેશભકિત ગીતો, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સ્વયં શિક્ષક દિન, ગ્રામરેલી (વ્યસન મુકિત અંતર્ગત), ગુરૂવંદના અને વાલી સંમેલન જેવી અનેક પ્રવૃત્તિઓનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના તમામ શિક્ષક પરીવારે વિદ્યાર્થીઓના માર્ગદર્શક અને આયોજકની સુંદર ભૂમિકા ભજવી હતી. સમગ્ર જ્ઞાન સપ્તાહનું આયોજન આચાર્ય એસ.જી. પટેલ, બી.એમ. પટેલ તથા બી.બી. પટેલે કર્યું હતું.


## આહીર સમાજનો ૧૬મો વાર્ષિક સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૭

આહીર યુવા ફોરમ, ગાંધીનગરના ઉપક્રમે આહીર સમાજના ધો-૧ થી ૧૨ તથા યુનિ.-કોલેજમાં માર્ચ-એપ્રિલ ૨૦૧૪માં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી તારલાઓનો ૧૬મો વાર્ષિક સન્માન તથા સ્નેહમિલન સમારંભ તા. ૧૪-૯-૨૦૧૪ રવિવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે સે-૧૭ના ટાઉનહોલ ખાતે આયોજન કરાયેલ છે. જેમાં ધોરણ દીઠ પ્રથમ ત્રણ વિદ્યાર્થી ભાઈ બહેનને શિલ્ડ પારિતોષિક આપીને સન્માનવામાં આવશે.

આ કાર્યક્રમમાં આહીર સમાજના દરેક પરિવારો તથા હોસ્ટેલમાં રહેતા તથા રૂમ રાખીને રહેતા આહીર સમાજના તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને હાજર રહેવા સંસ્થા વતી રાજસીભાઈ બેરીયાએ આમંત્રણ પાઠવેલ છે. વિદ્યાર્થી સન્માન ઉપરાંત આ સમારંભમાં નિવૃત્ત થતાં પ્રમોશન મેળવેલા તથા નવી નિમણુંક પામેલા આહીર સમાજના સભ્યોનું પણ શુભેચ્છા સન્માન કરાનાર છે. આ માટે સંબંધીત સભ્યોએ સંસ્થાનો સંપર્ક કરવા રાજસીભાઈ બેરીયાએ અપીલ કરી છે.

## હરિની દૃષ્ટિ...




આ સાલના એવોર્ડ આમને આપવાનું એ કારણ છે કે એમણે, આડુ અવળુ કાંઇ જ કર્યા વગર ફક્ત ભણાવ્યે જ રાખ્યું હતું...!

## જીઆઈપીએસ સ્કુલમાં ગણેશોત્સવની ઉજવણી થઈ

રાંધેજામાં આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ ખાતે ગણેશોત્સવની ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળાના હોસ્ટેલના વિદ્યાર્થીઓએ ગણેશોત્સવનું આયોજન કર્યું હતું. બાળકો દ્વારા દરરોજ સવાર સાંજ દુંદાળા દેવની આરતી-પૂજા કરવામાં આવતી હતી અને છેલ્લે વિદ્યાર્થીઓ દ્વારા ગણપતિદાદાનું અંબોડ સાબરમતી નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

## સમસ્ત મોચી સમાજનો જીવનસાથી પસંદગી મેળો

સમસ્ત મોચી સમાજ વિકાસ પરિષદ ડાકોર દ્વારા અપરણિત યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવશે. આ પ્રથમ જીવનસાથી પંસદગી મેળો તા. ૫ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ડાકોરમાં યોજાશે ત્યારે સમાજના અપરણિત યુવક યુવતીઓ અને તેમના વાલીઓને ભાગ લેવા આણંદ, ખેડા જિલ્લા, ગુજરાતી મોચી જ્ઞાતિ ધર્મશાળા-ડાકોર કાર્યાલયના હોદ્દેદારોનો સંપર્ક કરવો તેમજ ગાંધીનગર માટે મહેન્દ્ર ચૌહાણ પ્લોટ નં. ૧૭૯/૨, સે-૧૪ ખાતે સંપર્ક કરવો.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩ ઓગસ્ટ માસમાં ગુજરાતના કયા સ્થળે પંચાયતી રાજ અંગે રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઇ હતી?
→ **મહાત્મા મંદિર (ગાંધીનગર)**
૨. ૨૦૧૩ માં મોન્સૂન ફેસ્ટિવલ ગુજરાતના કયા સ્થળે યોજાયો હતો?
→ **સાપુતારા**
૩. તાજેતરમાં મીઠી વીરડી ખાતે અણુ વીજમથકોને મંજૂરી આપવામાં આવી તે કયા શહેર નજીક આવેલ છે?
→ **ભાવનગર**
૪. ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં કેટલી જેનેરિક દવા વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે?
→ **૫૬૯**
૫. રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં સિકસસેલ એમિનિયા અને થેલેસેમિયાના દર્દીઓને માસિક કેટલા રૂપિયા તબીબી સહાય ચુકવવાની જોગવાઇ કરવામાં આવી છે?
→ **રૂા. ૧૦૦**
૬. ૧૨મી પંચવર્ષીય યોજનામાં ધોરણ-૧ થી ૪ની તમામ શાળાઓને કઇ પદ્ધતિમાં આવરી લેવામાં આવી છે?
→ **પ્રજ્ઞા પદ્ધતિ**
૭. આયોજનપંચ દ્વારા ગુજરાતની ૨૦૧૩-૧૪ની વાર્ષિક યોજનાનું કદ કેટલા કરોડ મંજૂર કરાયું હતું?
→ **૫૯ હજાર કરોડ**
૮. ૨૦૧૩માં સિંગાપોરમાં યોજાયેલી ૨૪માં કોમનવેલ્થ પાર્લામેન્ટરી સેમિનારમાં ગુજરાતના કયા ધારાસભ્યએ પ્રતિનિધિત્વ કર્યું હતુ?
→ **રાકેશ શાહ**
૯. ગુજરાતમાં પવન શક્તિના વિકાસને વધુ વિકાસ કરવા કઇ નવી પ્રોત્સાહક પવન ઉર્જાને મંજૂરી આપવામાં આવી છે?
→ **વિંડ એનર્જી પોલિસી**
૧૦. મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજનામાં ફાળવાયેલા આવાસનું સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન કેટલા રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર કરવામાં આવશે?
→ **રૂા. ૧૦૦**
૧૧. ગાંધીનગર નજીક આવેલ દહેગામના કયા ગામમાં આવેલ મહાકાલી વડને તીર્થ સ્થળ તરીકે વિકસાવવામાં આવશે?
→ **કંથારપુર**
૧૨. ૨૦૧૩માં ગુજરાતમાં જીરૂ અને વરીયાળીના પાક પર કુલ કેટલા ટકા વેટ માફ કરવામાં આવ્યું છે?
→ **૫ %**
૧૩. ૨૦૧૩માં વિજાપુર નજીક રણાસણ GIDC ના કોલ્ડ સ્ટોરેજમાં કયા ગેસના કારણે સાત મજૂરો ગુંગળાઈને માર્યા ગયા હતા?
→ **એમોનિયા**
૧૪. ૨૦૧૩ના મહાત્મા ગાંધી મંદિર ખાતે ખેતીને લગતું કયું મહાસંમેલન યોજાયું હતુ?
→ **ગુજરાત ગ્લોબલ એગ્રીકલ્ચર સમીટ**
૧૫. ૨૦૧૩નો સંદેશ ફોટોગ્રાફ ઓફ ધ યરનો વિજેતા કોણ હતું?
→ **જીવેશ મારફતીયા**
૧૫. વાઈબ્રન્ટ એગ્રીકલ્ચર સમીટ-૨૦૧૩માં દેશના ૩૪૨ પ્રગતિશીલ ખેડૂતોને વ્યક્તિદીઠ કેટલા રૂપિયા ઈનામ અપાયું હતું?
→ **૫૧,૦૦૦ હજાર**
૧૬. ૨૦૧૩માં ગુજરાતના નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકીને નેંત્રગ તાલુકાની રચના મૂળ કયા બે તાલુકામાંથી થઈ છે?
→ **ઝઘડીયા અને વાલીયા**
૧૭. ૨૦૧૩માં નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકી જોટાણા તાલુકાની રચના કયા બે મૂળ તાલુકામાંથી થઈ છે?
→ **કડી અને મહેસાણા**
૧૮. ૨૦૧૩માં નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકી ધોલેરા તાલુકાની રચના કયા બે તાલુકામાંથી થઈ છે?
→ **બરવાળા અને ધંધુકા**
૧૯. ૨૦૧૩માં નવા જાહેર થયેલ તાલુકાઓ પૈકી જૂનાગઢ સીટીની રચના કયા તાલુકામાંથી થઈ છે?
→ **જૂનાગઢમાંથી**
૨૦. ૨૦૧૩માં નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકી વસો તાલુકાની રચના કયા બે તાલુકા પૈકી થઈ છે?
→ **ઝાલોદ**

## ખરેખર વ્યક્તિની જીદ જ જિંદગીમાં સફળતા અપાવતી હોય છે પરંતુ આ જીદ કેવા પ્રકારની છે તેની પર સફળતાનો આધાર રહે છે, ખોટી રીતે કરેલી જીદ જિંદગીમાં નિષ્ફળતા પણ અપાવે છે

### મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

રૂપાની વેદના સાથે આગળ વધીએ તો, રૂપાની સગાઈ થઈ રહી છે અને લગ્ન નકકી થઈ રહયા છે ત્યારે જ નયન નામનો એક દિકરો એમ જણાવે છે કે રૂપા અને નયનના લગ્ન થઈ ગયા છે નયન પોતે રજૂ કરેલી વાતનો આધાર પણ રૂપાના કુટુંબીઓ સમક્ષ રજૂ કરે છે.

રૂપા અને નયનના લગ્ન નોંધાયા અંગેનું પ્રમાણપત્ર જયારે કુટુંબીઓ સમક્ષ રજૂ થાય છે ત્યારે રૂપાને આ વિશે સત્ય હકિકત કહેવા જણાવવામાં આવે છે. રૂપા નયન સાથે લગ્ન કર્યાની સ્પષ્ટ રીતે ના જણાવે છે. નયન પોતાની વાતમાં મકકમ છે કે રૂપા અને નયનના લગ્ન થઈ ગયા છે અને રૂપા લગ્ન સંદર્ભે, લગ્ન થયા નથી તેમ વાતને પકડી રાખે છે. કુટુંબીઓ પણ વિમાસણમાં મુકાઈ જાય છે. રૂપા અને નયનમાંથી કોની વાતને સત્ય માનવી ? વળી, રૂપાની સગાઈ નકકી થઈ ગઈ છે, જો આ બાબતમાં પોલીસ કે કોર્ટ કાર્યવાહી થાય તો રૂપાના ભવિષ્યના જીવનને પણ અસર થાય અને તેથી રૂપાના કુટુંબીઓ સામાજીક કાર્યકર અને સામાજીક સંસ્થાના અગૂણિને મળવાનો વિચાર કરે છે.

રૂપાની સઘન પુછપરછ કરવામાં આવે છે, દિકરીઓ બાબતમાં એક એવું માનસિક વલણ બંધાઈ ગયેલું છે કે, ખરેખર દિકરીએ જાતે લગ્ન કરી લીધા હોય પરંતુ કુટુંબીઓથી ડરી જઈને લગ્ન કર્યા નથી તેમ જણાવતી હોય. રૂપાના કેસમાં પણ નયનની વાતથી અંજાઈને શરૂઆતમાં કુટુંબીઓ અને સામાજીક કાર્યકરો પણ એમ જ માનતા હોય છે કે ખરેખર રૂપાએ લગ્ન કર્યા છે પરંતુ હવે ડરી જઈને અથવા તો નયનમાંથી વિશ્વાસ ઉઠી ગયો હોવાને કારણે રૂપા અસત્યનો આશરો લઈ રહી છે. મામલો ગંભીર સ્વરૂપ પકડતો જાય છે. બીજી બાજુ નયનના ઘરે તપાસ કરતાં નયનના ઘરની દિવાલ પર રૂપાના મોટા મોટા ફોટાઓ લગાવવામાં આવેલા છે. નયન અંગે વધારે તપાસ કરતાં માલુમ પડે છે કે નયન રૂપા પહેલા બીજી કોઈ દિકરીના પણ પ્રેમમાં પડી ચુકયો છે.

લગ્ન નોંધણી કરાવવાની જે અરજી થાય છે તેના ફોર્મમાં લગ્ન કરાવનાર પુરોહિતનું નામ, સરનામું, ઉંમર વગેરે દર્શાવવું ફરજીયાત છે. આ ઉપરાંત લગ્ન કરાવનાર પુરોહિતનો રહેઠાણનો આધર અને વ્યકિતગત ઓળખપત્ર પણ સામેલ કરવાનો હોય છે. લગ્ન કરાવનાર પુરોહિતનું ઓળખપત્ર અને રહેઠાણના આધારો ઘણા વર્ષો પહેલા ફોર્મ સાથે રજૂ થતાં ન હતાં પરંતુ આવા લગ્નના નોંધણીના ફોર્મમાં લગ્ન કરાવનાર પુરોહિતનું નામ, ઉંમર અને સરનામું તો લખવામાં આવતું હતું. આ બાબતને આધારે પુરોહિતનો સંપર્ક કરવામાં આવે છે.આશ્ચર્યની બાબત તો એ છે કે જે વ્યકિતનું નામ લગ્ન કરાવના પુરોહિત તરીકે લખેલું તે વ્યકિત કોઈ એક શહેરના જાણિતા ધર્મ સ્થાનની બહાર પફ અને સેન્ડવીચ વેચવાનું કામ કરતો હતો. આ વ્યકિત જ્ઞાતિએ બ્રાહ્મણ હતો પરંતુ કોઈ સામાન્ય શ્લોક પણ તેને આવડતો ન હતો. ઘણીવાર કોઈ સામાન્ય વ્યકિત પણ કોઈપણ બાબતમાં પોતાની બુધ્ધિમતાને આધારે શ્રેષ્ઠ સંશોધન કાર્ય કરી શકે છે તેવો અનૂભવ થયો. એક સામાજીક કાર્યકરે આ કહેવાતા પુરોહિતને નોટિસ કરીને બોલાવ્યો.

લગ્ન કરાવનાર પુરોહિત ધર્મેશ કુટુંબ સલાહ કેન્દ્રમાં હાજર તો થયો પરંતુ ખૂબજ ગુસ્સો કરવા લાગ્યો. સંસ્થાના કાર્યકરોને પણ ધમકી આપી કે આવી રીતે ધર્મેશને નોટિસ મોકલી શકાતી નથી. પોતે ખૂબ મોટા માણસો સાથે જોડાયેલો છે અને આવી બધી વાતો કરીને સંસ્થાના કાર્યકર્તાઓ ઉપર પ્રથમ તો ધર્મેશે રોફ જમાવવાની કોશિષ કરી. ધર્મેશને ત્યાર બાદ સમજાયું કે રૂપા અને નયનનાં લગ્ન નોંધણી ફોર્મમાં પોતે જે સહિ કરી હતી તે સંદર્ભે બોલાવવામાં આવેલ છે. ધર્મેશ જણાવતો હતો કે સંસ્થાના કાર્યકરો આવું નિવેદન લઈ શકે નહી. વળી, જેણે લગ્ન કર્યા હતા તે નયનના કહેવાથી તેણે સહિ કરી હતી. ધર્મેશને પાંચ શ્લોક બોલવાનું કહયું પરંતુ તેને એકપણ શ્લોક આવડતો ન હતો. એટલી વાત ચોકકસ થઈ કે ધર્મેશ કર્મકાંડ કરાવનાર પુરોહિત નથી પરંતુ માત્ર બ્રાહ્મણ હોવાને કારણે લગ્ન નોંધણી ફોર્મમાં સહિ કરી દીધી છે. આ વાત તો બહૂ લાંબી છે પરંતુ ટુંકમાં કહીએ તો ધર્મેશને જયારે પોતાના પગ નીચેથી ધરતી ખસી જતી લાગી ત્યારે ધર્મેશે સંસ્થા રૂબરૂ જણાવ્યું કે પોતે રૂપા અને નયનના લગ્નની વિધિ કરાવી નથી. આટઆટલી વિટંબણામાંથી પસાર થયા બાદ સૌએ માન્યું કે રૂપાએ લગ્નના ચાર ફેરા નયન સાથે કર્યા નથી તે વાત સત્ય છે.

રૂપાના કેસમાં નયન સ્વેચ્છાએ જ રૂપાને છોડવા તૈયાર થઈ ગયો પરંતુ રૂપા અને નયનનું જે લગ્ન નોંધાયુ હતું તેને કાયદેસર રીતે રદબાતલ ઠરાવવું જરૂરી હતું અને તે સંદર્ભે પણ ફરજીયાત અદાલતનો આશરો લેવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ. હિન્દુ મેરેજ એકટના પ્રથમથી જ લગ્ન રદબાતલ ગણાય શકે છે કાયદાકીય જોગવાઈ છે.

સવાલ એ છે કે આ પ્રમાણે ખોટા લગ્નો થયાનાં અનેક કિસ્સાઓ બહાર આવે છે. માત્ર મિત્રતા હોય અને ત્યાર બાદ એકપક્ષીય પ્રેમને કારણે પણ માત્ર કાગળ પર નોંધાતા લગ્નો જોવા મળે છે તો વળી હાલ દેશભરમાં પોતાનું નામ છુપાવીને, પોતાનો ધર્મ છુપાવીને અને પોતાની ઓળખ છુપાવીને થતાં લગ્નો વિશે એક ઝુંબેશ જોવા મળે છે. આ કોલમમાં પણ આ લખવાનો હેતુ એ વ્યકિતએ અને ખાસ કરીને દિકરીએ જેની સાથે જીંદગી જોડવાનો નિર્ણય કરે છે તે બાબતે ખૂબજ સતર્ક રહેવાની જરૂર છે. કાયદામાં દિકરી અને દિકરાની લગ્નની ઉંમર જે નિશ્ચિત કરવામાં આવી છે તે પાછળ પણ ચોકકસ હેતુ સમાયેલો છે. અનૂભવોને આધારે એવું જોવા મળ્યું છે કે માત્ર કાગળ પર થતાં લગ્નો એ કાગળ ઉપર જ રહે છે અને સાચા લગ્નજીવનમાં પરિવર્તિત થતાં નથી કાગળ પરના લગ્નો અને કાગળ પરના છૂટાછેડા એ એક સંવેદનશીલ બાબત છે.

આ લેખ લખી રહી છું ત્યારે જ એક દિકરાના પિતા ખૂબ જ વ્યગૂતા અને ઉગ્રતા સાથે મને મળે છે. તેઓ પોતાના પુત્રથી ખૂબજ નારાજ છે. નારાજગીનું કારણ તેઓના દિકરાએ આંતરજ્ઞાતિય લગ્ન પોતાની મેળે કરી લીધા છે. દિકરો ઘરમાં કોઈનું માનતો નથી અને માત્ર ફેઈસ બુકના પ્રેમને કારણે પોતાની મેળે લગ્ન કરી લીધા છે. વાત અહીંથી અટકતી નથી.

નિરવભાઈનો દિકરો સંજય નાનપણથી જ પોતાનું ધાર્યુ કરવા વાળો છે, નિરવની માતાએ બધી જ જીદ પુરી કરવામાં નિરવને સહકાર આપ્યો છે. નિરવને એવી ચોકકસ ખાત્રી છે કે તે પોતાનું ધાર્ય જ બધું કરી શકે છે. ખરેખર વ્યકિતની જીદ જ જિંદગીમાં સફળતા અપાવતી હોય છે પરંતુ આ જીદ કેવા પ્રકારની છે તેની પર સફળતાનો આધાર રહે છે. ખોટી રીતે કરેલી જીદ જિંદગીમાં નિષ્ફળતા પણ અપાવે છે. આ બાબતને એટલા માટે ઉલ્લેખ કરું છું કે, દિકરા કે દિકરીનું ઘડતર એ નાનપણથી જ થતું હોય છે જિંદગીની કડવી વાસ્તવીકતાઓથી બાળકોની વાકેફ રાખવા તે અગત્યની બાબત છે. નિરવને ફેઈસ બુકને આધારે રાખી સાથે પ્રેમ થયો, પ્રેમને આધારે બંને એકબીજાને મળતા પણ થયાં અને છેવટે નિરવ અને રાખીના લગ્નની નોંધણી થઈ. રાખી નિરવ સાથે રહેવા પણ આવી પરંતુ રાખી નિરવને ત્યાં રહેવા આવી અને તે જ દિવસે રાખીના પિતા અને અન્ય લોકો રાખીને બળજબરીપૂર્વક મોટરમાં બેસાડીને પરત લઈ ગયા.

રાખી અને નિરવના લગ્ન નોંધાયા હતા પરંતુ લગ્ન થયાં હતાં? નિરવ તો એમ જ માને છે કે લગ્ન નોંધાયા એટલે લગ્ન થયાં છે. નિરવે કેવા કેસો કર્યા? રાખીએ કેવા કેસો કર્યા ? કેસોની ચર્ચા અને કાયદાની જાણકારી સાથે મળીએ આવતે અંકે...